Amul
The Taste of India

# દૂધસાગર પત્રિકા


Dudhsagar
The Pride of India

અંક-૧-૨ જાન્યુ. ફેબ્રુઆરી-૨૦૧૬

દૂધસાગર ડેરીમાં ''દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિયેશન (દૂરડા)''ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## દૂધસાગર ડેરીમાં કસ્ટોડિયન સમિતિના વહીવટ દરમ્યાન સાગરદાણના કારખાનામાં રૂપિયા ૨૭ કરોડનું નુકશાન થયું છે:શ્રી પ્રવિણ ભામ્ભી





દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિયેશન (દૂરડા)ની વાર્ષિક સાધારણ સભા તા.૨૯-૧-૨૦૧૬ના રોજ દૂધસાગર ડેરીના અધ્યક્ષ શ્રી વિપુલ ચૌધરીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબહેન ઠાકોર, દૂરડાના ડિરેક્ટરશ્રીઓ, નિયામક મંડળના સભ્યો ઈ.ચા. એમ.ડી.શ્રી પી. આર. પટેલ તથા મોટી સંખ્યામાં દૂધ મંડળીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

દૂધ મંડળીના પ્રતિનિધિઓને સંબોધતાં વિપુલ ચૌધરીએ જણાવ્યું હતું કે આપણા માટે ગૌરવની વાત છે કે કામધેનું યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ માટેની પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન સૌથી વધુ માર્ક મેળવનાર વિદ્યાર્થીની આજે 'માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી'માં મહેસાણાને સૌથી વધુ અગ્રતા આપે છે. કંકુબા પશુપાલન વિદ્યાપીઠમાં આપણે આધુનિક પદ્ધતિથી, વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલન કેવી રીતે કરવું એ અંગે શિક્ષણ આપી રહ્યા છે.

અમૂલ ફેડરેશન દ્વારા દિલ્હીમાં અગાઉ દૈનિક ૨૫ લાખ લિટર દૂધ વેચાતું હતું જેમાં વધારો થઈને અત્યારે ૨૮ લાખ લિટર દૂધ વેચવામાં આવી રહ્યું છે. તેમના વેચાણમાં દૈનિક ૩ લાખ લિટરનો વધારો થયો છે. જ્યારે મહેસાણા ડેરીની દિલ્હી નજીક દૂધ માનસાગર અને દૂધ મોતીસાગર એમ બે ડેરીઓ હોવા છતાં અમૂલ ફેડરેશન દ્વારા દિલ્હીના બજારમાં દૂધસાગર ડેરીનું દૈનિક દૂધ જે ૧૩ લાખ લિટર વેચાતું હતું તેમાં ઘટાડો કરીને ૧૧ લાખ લિટર કરવામાં આવ્યો છે. આનો સીધો અર્થ એ કે આપણે દૂધનો પાવડર બનાવવો પડે છે.

અમૂલ ફેડરેશન દ્વારા ઈરાદાપૂર્વક દૂધસાગર ડેરીને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. જો આપણે દિલ્હીમાં બે ડેરીઓ ના કરી હોત અને આપણા દૂધની ઉચ્ચગુણવત્તા દિલ્હીના લોકોને ના મળી હોત તો આજે દિલ્હીમાં જે દૈનિક ૨૮ લાખ લિટર વેચી શકતા ના હોત. વિપુલ ચૌધરી 'ના' ગમતો હોય તો વાંધો નહિ, પરંતુ દૂધસાગર ડેરી તો ગમવી જ જોઈએ.

દૂધસાગર ડેરીના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર શ્રી પ્રવિણ ભામ્બી એ જણાવ્યું હતું કે દૂધસાગર ડેરીમાં કસ્ટોડિયન સમિતિના વહીવટ દરમ્યાન સાગરદાણના કારખાનામાં રૂપિયા ૨૭ કરોડનું નુકસાન થયું છે. તેઓએ જણાવ્યું હતુ કે સમિતિ માં અમૂલ ફેડરેશનના બે સિનિયર અધિકારીઓ હોવા છતાં તેઓએ સંઘના વેચાણમાં ધ્યાન આપ્યું નથી. માર્ચ ૨૦૧૫માં પાવડરનો સ્ટોક ૩૮૫૨ મે. ટન હતો જે વધીને ડિસેમ્બર ૨૦૧૫ ના રોજ ૭૮૯૩ મે. ટન થયો છે. દિલ્હીના બજારમાં સંઘનો હિસ્સો અગાઉ ૧૩ લાખ લિટર પ્રતિ દિવસ હતો જે ઘટીને અત્યારે ડિસેમ્બર ૨૦૧૫માં દૈનિક ૧૧ લાખ થયો છે જેનો અર્થ થાય છે કે દૂધસાગર ડેરીનો દિલ્હીના બજારમાં દૂધ વેચાણનો હિસ્સો બે લાખ લિટર પ્રતિ દિવસ ઘટાડવામાં આવ્યો છે. અગાઉ આપણે દિલ્હીના બજારમાં દૂધના વેચાણમાં ૧૦૦ ટકા હિસ્સો ધરાવતા હતા જે સતત ઘટાડવામાં આવી રહયો છે. કસ્ટોડિયન સમિતિને ચાર્જ સોપયો ત્યારે દૂધસાગર ડેરીનો દિલ્હીના બજારમાં દૂધ વેચાણનો હિસ્સો ૪૬.૭૪ ટકા હતો જે ઘટીને ડિસેમ્બર ૨૦૧૫માં ૪૧.૮૪ થયો છે. આમ દૂધ વેચાણના દિલ્હી બજારના હિસ્સામાં ૫ ટકાનો ઘટાડો થયો છે.

દિલ્હીમાં અમૂલ ફેરડશેન ધ્વારા હાલમાં ૨૫ લાખ લિટર કરતા વધારે દૂધનું વેચાણ કરવામાં આવી રહયું છે. ગુજરાત બહાર ઉતર ગુજરાતની બનાસ ડેરી ધ્વારા ફરીદાબાદમાં, દૂધસાગરડેરી ધ્વારા દૂધમાનસાગર ડેરી , માનેસર અને દૂધમોતીસાગર ડેરી ધારુહેડા, અને સાબર ડેરી ધ્વારા રોહતકમાં મળી, ચાર મોટા ડેરી પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાતની તમામ ડેરીઓ એ પરસ્પર એકબીજાના સાથ અને સહકારથી દૂધ ઉત્પાદકોના હિતમાં કામ કરવું એ આજની જરૂરીયાત છે.

આ કાર્યક્રમમાં "માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી" ના પ્રથમબેચના તમામ વિદ્યાર્થીઓને નોકરીના ઓર્ડર આપવામાં આવ્યા હતા અને તેઓ દ્વારા સામૂહિક રીતે સભામાં દૂધસાગર ડેરીના સ્થાપક સ્વ.માનસિંહભાઈ પૃ. પટેલ અને સંવર્ધક મોતીભાઈ ચૌધરીના સ્વપ્નને સાર્થક કરવા માટે



દૂરડાની વાર્ષિક સાધારણ સભામાં સંકલ્પ લેતા MIDFTની પ્રથમ બેચ(૨૦૧૫)ના વિદ્યાર્થીઓ



MIDFTના B.TECH કોર્ષમાં પ્રથમ આવવા બદલ અને કોલેજમાં " ડેરી ટેકનોલોજી" વિષયમાં પ્રથમ આવવા બદલ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રીવિપુલ ચૌધરીના હસ્તે બે ગોલ્ડ મેડલ મેળવતા વિદ્યાર્થી શ્રી પ્રિયંક દૂધરેજીયા, સાથે ઈ.ચા. એમ.ડી.શ્રી પી. આર. પટેલ



MIDFTના B.TECH કોર્ષમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કામગીરી માં સમગ્ર કોલેજમાં પ્રથમ આવી દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી વિપુલ ચૌધરીના હસ્તે ગોલ્ડ મેડલ મેળવતી વિદ્યાર્થીની કુ. નિશાબેન ચૌધરી, સાથે ઈ.ચા. એમ.ડી.શ્રી પી. આર. પટેલ

## આગામી આયોજન

સંકલ્પ લેવામાં આવ્યો હતો. કોલેજના તમામ અધ્યાપકોને તેઓની વિશિષ્ટ કામગીરી માટે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

## MIDFT ના સ્નાતક વિદ્યાર્થીઓની પહેલી બેચ બાબત

MIDFT ના બી.ટેક ડેરી ટેકનોલોજી કોર્ષની પહેલી બેચના વિદ્યાર્થીઓ જુલાઈ ૨૦૧૫માં પાસ થયા.કુલ ૨૫ વિદ્યાર્થીઓ ની બેચમાં ૧૨ છોકરીઓ અને ૧૩ છોકરાઓ છે.જેમાંથી ૯ વિદ્યાર્થીઓ ડીસ્ટીંકશન (૭૫ ટકા કે વધુ)૧૧ વિદ્યાર્થીઓ ફર્સ્ટ ક્લાસ (૬૫ ટકા થી ૭૫ ટકા)અને ૦૫ વિદ્યાર્થીઓ પાસ ક્લાસ (૫૫ ટકા થી ૬૫ ટકા) મેળવી પાસ થયા છે.આ બેચના ૦૩ વિદ્યાર્થીઓ આણંદ ખાતે રાજ્ય કક્ષાની પરીક્ષામાં અનુક્રમે ૦૨, ૦૩ અને ૦૬ મેરીટ મેળવી PG STUDIES માં અભ્યાસ કરે છે.

આગામી વર્ષમાં આપણે MIDFT માં નવા કોર્ષ જેવા કે M.TECH (dairy micro, dairy chemistry & dairy technology) Ph.D. for in service faculty PG Diploma in (Dairy Management)MBA (Food Science)અને તાલીમ કોર્ષ - શોર્ટ ટમ કોર્ષ પણ MIDFT હેઠળ શરૂ કરવાનું આયોજન કર્યું છે.

## MIDFT માં B. Tech. (Dairy Technology) માં વિદ્યાર્થીઓની સંખ્યાની વિગત

| બેચ | પહેલી | બીજી | ત્રીજી | ચોથી | પાંચમી | કુલ | હાલની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | (૨૦૧૧) | (૨૦૧૨) | (૨૦૧૩) | (૨૦૧૪) | (૨૦૧૫) | (૨૦૧૧-૧૫) | (૨૦૧૨-૧૫) |
| છોકરીઓ | ૧૨ | ૧૦ | ૯ | ૮ | ૪ | ૪૩ | ૩૧ |
| છોકરાઓ | ૧૭ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૭ | ૧૦૪ | ૯૧ |
| દૂધ ઉત્પાદક કુટુંબના બાળકો | ૧૯ | ૨૧ | ૨૧ | ૧૮ | ૨૬ | ૧૦૫ | ૯૦ |
| કુલ | ૨૯ | ૨૯ | ૨૯ | ૨૯ | ૩૧ | ૧૪૭ | ૧૨૨ |

## પશુ તંદુરસ્તી હરીફાઈ - ૨૦૧૪-૧૫

















દૂધસાગર ડેરીમાં પી.ટી.પ્રોગ્રામ અંતર્ગત 'પશુ તંદુરસ્તી હરીફાઈ-૨૦૧૪/૧૫'નું આયોજન કરવામાં આવેલ. જેમાં પસંદગી કરેલ અલગ-અલગ સેન્ટરની ૨૫ (પચ્ચીસ) મંડળીઓના પશુઓની તંદુરસ્તી માટે હરીફાઈ યોજાયેલ જેમાં સમાવેશ કરેલ ૨૫ મંડળીમાં દરેક મંડળીમાં પ્રથમનંબરે આવનારને ૫,૦૦૦/- બીજા નંબરે આવનારને ૩૦૦૦/- અને તૃતીય નંબરે આવનાર પશુઓના માલિકને ૨,૦૦૦/- રૂપિયા ઈનામ આપવામાં આવેલ રામનગર (કલોલ) ઠાકોર તલાજી શિવાજી , દેલા - ચૌધરી પ્રહલાદભાઈ ફુલજીભાઈ, અંબાવાડા - પ્રજાપતિ પશાભાઈ મંગાભાઈ, સોખડા - પ્રજાપતિ રેખાબેન મહેશભાઈ, ચિત્રોડીપુરા - ચૌધરી જયંતિભાઈ અભેરાજભાઈ, હિંમતપુરા (લા) - ચૌધરી ભરતભાઈ અંબાલાલ, ગોવિંદપુરા (વિજા) - પટેલ મુકેશભાઈ રણછોડભાઈ(જેઓનું ઈનામ તેમના પ્રતિનિધિએ સ્વીકારેલ)

# લોકસભા,રાજયસભા અને ભારતના તમામ રાજયોની વિધાનસભા તથા વિધાન પરિષદના અધ્યક્ષશ્રીઓ, ઉપાધ્યક્ષશ્રીઓ અને સચિવો દૂધસાગર ડેરીની મુલાકાતે











લોકસભા, રાજયસભા અને ભારતના તમામ રાજયોની વિધાનસભા અને વિધાન પરિષદના અધ્યક્ષશ્રીઓ, ઉપાધ્યક્ષશ્રીઓ, અને સચિવોની પરિષદ દર વર્ષે દેશના જુદા-જુદા રાજયોમાં યોજવામાં આવતી હોય છે તેના ભાગરૂપે તા : ૨૧-૧-૨૦૧૬ થી તા : ૨૪-૦૧-૨૦૧૬ દરમ્યાન ગુજરાત વિધાનસભા ગાંધીનગર ખાતે ઉકત પરિષદ યોજાઈ ગઈ. આ પરિષદમાં સામેલ પ્રતિનિધિઓ દ્વારા તા: ૨૪-૦૧-૨૦૧૬ ના રોજ દૂધસાગર ડેરીની મુલાકાત લઈ દૂધસાગર ડેરી વિશે સંપૂર્ણ માહિતીમેળવી હતી અને દૂધસાગર ડેરી દ્વારા તૈયાર કરવામાં આવેલી ડોકયુમેનટરી ફિલ્મ નિહાળીને પ્લાન્ટની મુલાકાત પણ લીધી હતી.

**ગુજરાત સરકાર ધ્વારા પશુપાલન ક્ષેત્રે સફળ અને શ્રેષ્ઠ કામગીરી માટે તાલુકા,જિલ્લા તેમજ રાજયકક્ષાના શ્રેષ્ઠ પશુપાલકોને બિરદાવવા માટે પીરાણા મુકામે મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલના મુખ્ય અતિથિ પદે "શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહ ૨૦૧૫–૧૬ " તા: ૧૨/૨/૨૦૧૬ના રોજ યોજાઈ ગયો.આ કાર્યક્રમમાં દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલ ચૌધરી તથા ઈ.ચા, એમ.ડી શ્રી પી.આર.પટેલ ઉપસ્થિત રહયા હતા.**

## પરિપત્ર

### દૂધમાં ભેળસેળ આવતા મંડળીની દૂધ ખરીદી બંધ કરવા બાબત

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે દૂધસાગર ડેરી આઈ.એસ.ઓ. ૯૦૦૧:૨૦૦૮ (ગુણવત્તા પ્રબંધન પ્રણાલી), ૨૨૦૦૦:૨૦૦૫ (ખાદ્ય પદાર્થ પ્રબંધન પ્રણાલી) થી પ્રમાણિત છે તથા ફૂડસેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ નું લાયસન્સ પણ લીધેલ છે. જે દર્શાવે છે કે દૂધ સંઘ ગુણવત્તા યુક્ત કાચા દૂધની ખરીદી કરે છે અને તેમાંથી ગુણવત્તા યુક્ત ખાદ્ય પદાર્થ ‘અમૂલ’ તથા ‘સાગર’ બ્રાન્ડથી (ઘી, બટર, પાવડર વગેરે...) બનાવવામાં આવે છે. જેથી અનિવાર્ય બને છે કે દૂધ સંઘ સાથે જોડાયેલ મંડળી પણ ફૂડસેફટીના નિયમમુજબ દૂધમાં દૂધ સિવાયની ભેળસેળ (જેવી કે પાણી, યુરિયા, તેલ જેવા પદાર્થો વગેરે...) હોય તો કાનૂની કાર્યવાહી થઈ શકે છે. તેથી ફૂડ સેફટીને ધ્યાનમાં લઈ તા.૧૨-૦૧-૨૦૧૬ના રોજ ગાંધીનગર મુકામે મળેલ ૨૭મી ઓડિટ બોર્ડની મીટીગના અનુસંધાનમાં, ગુજરાત સરકારના આદેશ મુજબ દૂધમાં દૂધ સિવાયની ભેળસેળ વગર દૂધની ખરીદી થાય તે અત્યંત જરૂરી તથા અનિવાર્ય છે.

આથી જણાવવામાં આવે છે કે આપની મંડળીમાં ભેળસેળ યુક્ત દૂધ ખરીદી ન થાય તેની જવાબદારી કર્મચારીઓ તથા કમીટી સભ્યોની રહેશે, જો ભેળસેળવાળા દૂધની ખરીદી કરવામાં આવે તો કાયદા મુજબ ગુનો બનતો હોવાથી દૂધ સંઘ મંડળીની દૂધ ખરીદી તાત્કાલિક બંધ કરશે. જે તમારી જાણ સારું.

આપનો વિશ્વાસુ,
મહેસાણા જિ.સં.દૂ.ઉ.લિ.વતી,
મેનેજિંગ ડિરેક્ટર

(તા.૧૦-૦૨-૨૦૧૬નં. સી.એસ./આઈ.એસ.ઓ./૧૪)



દૂધમોતીસાગર ડેરી ધારુહેડાની તા.૨૦/૨/૨૦૧૬ના રોજ મુલાકાતે આવેલા બનાસડેરીના પૂવ ઉપાધ્યક્ષ શ્રી પરથીભાઈ ભટોળ સાથે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી વિપુલ ચૌધરી, એકિઝકયુટિવ ડાયરેકટરશ્રી નીશીથ બક્ષી, ડીજીએમ વહિવટ શ્રી જયંતીભાઈ પટેલ, દૂધસાગર ડેરીના ઈ.ચા એમ.ડી શ્રી પ્રથમેશ આર. પટેલ, પ્રતિકકુમાર(હેડ ડીએમડી)




દૂધસાગર ડેરી, દૂરડા તથા મહેસાણા બફેલો બિંડર્સ એસોસીએસનના નિયામક મંડળના સભ્યો એ તાઃ૧૭/૨/૨૦૧૬ના રોજ દૂધમાનસાગર ડેરીની દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી વિપુલ ચૌધરી સાથે મુલાકાત લઈ એકિઝકયુટીવ ડાયરેકટરર્સ શ્રી નીશીથ બક્ષી પાસેથી સંપૂર્ણ માહિતી મેળવી હતી.



દૂધમાનસાગર ડેરીની તા.૧૯/૨/૨૦૧૬ના રોજ મુલાકાતે પધારેલા બનાસડેરીના વાઈસ ચેરમેન શ્રી માવજીભાઈ દેસાઈ સાથે દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલ ચૌધરી



બનાસડેરી ધ્વારા ફરીદાબાદ (દિલ્હી) ખાતે તાઃ ૧૭/૨/૨૦૧૬ના રોજ દૈનિક ૧૦ લાખ લિટરની કેપેસીટીના પ્લાન્ટનો શુભારંભ કરવામાંઆવ્યો. આ પ્રસંગે પૂજાવિધિમાં ઉપસ્થિત દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલ ચૌધરી, સાથે બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, બનાસડેરીના ઉપાધ્યક્ષ શ્રી માવજીભાઈ દેસાઈ, બનાસડેરીના પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળ



દૂધસાગરડેરીના નિયામક મંડળના સભ્યો, દૂરડા તથા મહેસાણા બફેલો બ્રિડર્સ એસોસીએસનના નિયામક મંડળના સભ્યો ધ્વારા તાઃ ૧૭/૨/૨૦૧૬ના રોજ ભારત સરકારના કૃષિ રાજય મંત્રીશ્રી મોહનભાઈ કુંડારીયાની દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલ ચૌધરીની અધ્યક્ષતામાં મુલાકાત લઈ તેઓ સાથે દૂધ ઉત્પાદકોને સ્પર્શતા પ્રશ્નો અંગે વિસ્તુત ચર્ચા વિચારણા કરવામાંઆવી હતી.

# વર્ષ ૨૦૧૪-૧૫ માં સૌથી વધુ દૂધ ભરાવનાર સફળ દૂધ ઉત્પાદક સાથે મુલાકાત





● **દૂધ ઉત્પાદકનું નામ :**
ઠાકોર કપિલાબેન બાબુજી
● **ઉંમર વર્ષ :** ૪૩, **મો.** ૯૯૧૩૫ ૩૪૩૧૩
● **ગામ :** પાલડી વ્યાસ,
તા. માણસા, જિ. ગાંધીનગર
**કુટુંબની માહિતી :** કુલ ૫ સભ્યો
જેમાં ૨ પુરૂષ, ૩ સ્ત્રીઓ
● **ફાર્મનું નામ :** સુનિલ ફાર્મ
● **મંડળીમાં ભરાવેલ દૂધ (૨૦૧૪-૧૫) :**
૪,૩૬,૪૫૩ લિટર
● **મંડળીમાંથી મળેલ દૂધની કિંમત**
**(૨૦૧૪-૧૫) :** ૯૯,૨૦,૦૧૧=૦૦ રૂા.
● **સંઘ ભાવફેર (૨૦૧૪-૧૫) :**
૫,૮૭,૮૪૩=૦૦ રૂા.
● **વર્ષ દરમિયાન મેળવેલ કુલ આવક :**
૮૯,૫૬,૬૮૪=૦૦ રૂા.

● **તબેલામાં પશુઓની માહિતી :** તબેલામાં કુલ ૧૮૨ સંકર ગાયો અને ૨૬ વાછરડીઓ અને ૧ બુલ મળી કુલ ૨૦૯ જાનવરો છે. તબેલામાં વાછરડીઓ માટે અલગ શેડની વ્યવસ્થા છે.

● **બીજદાન :** તમામ ગાયોને બીજદાન કરાવે છે. તબેલામાં સંકર ગાયોનો બુલ રાખવામાં આવ્યો છે. પરંતુ ઉપયોગ કરતા નથી. તમામ ગાયોને કૃત્રિમ બીજદાન કરાવે છે.

● **દૂધ ઉત્પાદન :** દૈનિક દૂધ હાલનું ૧૩૦૦ લિટર થાય છે.

● **પશુઆહાર :** સાગરદાણ, કપાસ પાપડી, મકાઈ પાપડી, મગચુની, અળદ ચુની, જવનો ભરડો, ઘઉંની ફોતરી, ગવાર ભરડો, બધી વસ્તુ એક સાથે ભેગી કરી પલાળીને પશુઓને દૂધના પ્રમાણમાં આપે છે.

● **પશુ રહેઠાણ :** પશુ દોહવાની જગ્યા એકદમ ચોખ્ખી રાખવામાં આવે છે. તમામ પશુઓ માટે બે અલગ અલગ પાકા પતરાના શેડ બનાવેલ છે. તેની અંદર પાકી ગમાણ અને પશુઓને ૨૪ કલાક પાણી મળી રહે તે માટે પાણીના કુંડા બનાવેલ છે. તબેલામાં લાઈટ ફીટીંગ કરેલ છે.

● **પાણી વ્યવસ્થા :** પાણી વ્યવસ્થા માટે પોતાનો જ ટ્યુબવેલ છે.

● **સ્વચ્છતા :** તબેલામાં પશુ બાંધવાની જગ્યા એકદમ સ્વચ્છ રાખવામાં આવે છે. સમગ્ર તબેલામાં કોઈપણ જગ્યાએ ઈતરડી, માખી, મચ્છર કે અન્ય જીવજંતુ નથી. દરેક પશુને દર અઠવાડીયામાં બે વખત નવડાવવામાં આવે છે.

● **રસીકરણ :** તમામ પશુઓને ગાંઠીયો તાવ, ખરવા, મોવાસા, ગળાસુંઢાની રસી સમયસર મૂકવામાં આવે છે. તમામ પશુઓને કૃમિનાશક દાણ ખવડાવવામાં આવે છે. ઈતરડીનો ઉપદ્રવ ના થાય તે માટે પણ દરેક પશુને ઈંજેક્શન આપવામાં આવે છે.

● **પશુ વ્યવસ્થાપન :** પશુઓના દોહન માટે એલ્યુમિનિયમની ડોલ અને દૂધ ભરવા માટે એલ્યુમિનિયમના કેનનો ઉપયોગ કરવામાં આવે છે.

● **સારી ઓલાદ ઉછેર :** તબેલામાં વધુ દૂધ આપતી ગાયોની વાછરડીઓને અલગથી ઉછેર કરવામાં આવે છે.

● **પશુ દેખરેખ માટે રાખેલ માણસો :** તબેલામાં પશુઓની દેખરેખ માટે ૫ (પાંચ) પરિવારના ૨૦ માણસો રાખેલા છે. દરેક વ્યક્તિને મહિને ૩૫૦૦/- રૂા. પગાર ચૂકવવામાં આવે છે.

● **આધુનિકરણ :** તબેલામાં સૂકો અને લીલો તમામ પ્રકારનો ઘાસચારો ચાફકટરથી કાપીને નાના નાના ટુકડા કરીને જ પશુઓને આપવામાં આવે છે. કૃત્રિમ બીજદાન માટે તબેલામાં ઘોડીની વ્યવસ્થા છે.

● **વીમો :** તબેલાના તમામ પશુઓનો વીમો ઉતરાવેલ છે.

સંકલન : જીતેન્દ્ર એમ. ચૌધરી, સુનિલ પી. ચૌધરી (વિહાર સી.એસ.)

## વિધવા દૂધ ઉત્પાદકની દીકરી દૂધ દોહનારી માંથી બની ડેરી ટેકનોક્રેટ અને રાજયપાલના હસ્તે મેળવ્યો ગોલ્ડ મેડલ



કામધેનું યુર્નિવસિટી ધ્વારા મહાત્મા ગાંધી મંદિર, ગાંધીનગર ખાતે તા ૧૨/૨/૨૦૧૬ના રોજ બીજો પદવીદાન સમારંભ યોજાઈ ગયો. આ કાર્યક્રમ માં MIDFT ની પ્રથમ બેચની વિદ્યાર્થીની કુ. નીશા ચૌધરીને ગુજરાત રાજયના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે શ્રેષ્ઠ વિદ્યાર્થી બી.ટેક તરીકે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો.આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના સહકાર અને પશુપાલન મંત્રી શ્રી બાબુભાઈ બોખરીયા, કામધેનું યુર્નિ. ના વાઈસ ચાન્સેલર પ્રો. એમ.સી.વરશેણય ઉપરાંત તમામ કૃષિ યુર્નિ.ના કુલપતિશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

કુ.નીશા નારાયણભાઈ ચૌધરીનું વતન માણસા તાલુકાનું ચરાડા ગામ છે. પરિવારમાં એક માતા અને ભાઈ છે.પિતા નારાયણભાઈ ફુલજીભાઈ ચૌધરી બસમાં કંડકટર હતા અને ૨૦૧૪ના મે માસમાં તેઓનું હાર્ટએટેકથી અવસાન થયેલ છે. ભાઈ સુઢિયા મુકામે ગ્રામસેવક તરીકે ફરજ બજાવે છે અને વિધવા માતા ઘરકામ અને પશુપાલનનો વ્યવસાય કરે છે. હાલમાં તેઓની પાસે ત્રણ ગાયો છે અને દૈનિક ૧૦ લિટર દૂધ ચરાડા મંડળીમાં ભરાવે છે.

કુ.નીશા ચૌધરીને તા:૨૬/૧/૨૦૧૬ના રોજ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી વિપુલ ચૌધરીના હસ્તે આપવામાં આવ્યો હતો. સભામાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકેનો ગોલ્ડ મેડલ દૂધસાગર ડેરીની વાર્ષિક સાધારણ

કુ.નીશા ચૌધરીએ ગોલ્ડ મેડલ મેળવી માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજીનું ગૌરવ વધાર્યુ છે અને સમગ્ર દૂધસાગર ડેરી પરીવાર ગૌરવની લાગણી અનુભવે છે.

## અવિશ્વાસના વાતાવરણમાં પણ સંસ્થા પ્રત્યે મંડળીઓનો ભરોસો એ કર્મચારીઓની શાખનું પરિણામ છે - વિપુલ ચૌધરી



૨૬ મી જાન્યુઆરી ૨૦૧૬ ના રોજ દૂધસાગર ડેરીમાં ડેરીના ચેરમેનશ્રી વિપુલ ચૌધરીના અધ્યક્ષ સ્થાને પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કર્મચારીઓને સંબોધતાં વિપુલ ચૌધરીએ જણાવ્યુંહતુ કે કર્મચારીઓ એ સંસ્થાના હાથ પગ છે. તેઓ જેટલી નિષ્ઠાથી કામ કરશે તેટલોજ સંસ્થાને ફાયદો થશે.દેશનું બંધારણ ૫૦ વર્ષ પહેલા લખાયુ હતુ પણ તેના કરતા તેમાં લખાયેલા ભાવનું મહત્વ વધારે રહેલું હોય છે. અમેરીકન પ્રમુખે પોતાના દેશના એક યુવાન કે જેની માનસિકતા વિદ્રોહની હતી તેને કહયુ હતુ કે તમારા દેશે તમારા માટે શું કર્યુ એના કરતા તમે તમારા દેશ માટે શું કર્યુ એ મહત્વનું છે.૫૦ વર્ષ પહેલા ગામડામાં પશુ બીમાર પડેતો લોકો દોરાધાગા કરતા હતા જેના સ્થાને અત્યારે લોકો આધુનિક પશુપાલન કરતા થયા છે અને યોગ્ય પશુસારવાર કરતા થયા છે.

બે થી અઢી વર્ષ દરમ્યાન સંસ્થામાં ચાર—ચાર ફોજદારી ફરિયાદ થતી હોય , સરકાર આખા જિલ્લામાં એમ કહેતી હોય કે તમારો આગેવાન બદલી નાંખો એવા સમયમાં ગામડાની દૂધ મંડળી અને દૂધ ઉત્પાદક સામે બે વાતો હોય એક સરકારી બીજી સહકારી હોય આવા સમયે લોકો સંસ્થાની વાતમાં વિશ્વાસ કરે ,ભરોસો કરે એ માત્ર વિપુલ ચૌધરીની જ શાખ અને આબરું નહિ પરંતુ તમામ કર્મચારીઓની શાખ અને આબરુનું પરિણામ છે.

આ કાર્યક્રમની શરૂઆતમાં દૂધસાગર ડેરીના ઈ.ચા, એમ.ડી શ્રી પી.આર.પટેલ ધ્વારા ડેરીના ચેરમેનશ્રી નું સુતરની આંટીથી સન્માન કરવામાં આવ્યું હતુ ત્યાર બાદ વિપુલ ચૌધરીએ ગાર્ડ ઓફ ઓનરનુ નિરીક્ષણ કર્યુ હતુ. આ કાર્યક્રમમાં દૂધસાગર ડેરીના ઈ.ડી.શ્રી પી.બી.ભામ્ભી, અધિકારીગણ, એમઆઈડીએફટી કોલેજના વિધાર્થીઓ તથા અધ્યાપકો, દૂધસાગર ડેરીનો કર્મચારીગણ તથા કોલોનીમાં રહેતા પરિવારના સભ્યો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ દૂધસાગર ડેરીની મુલાકાતે



મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ શ્રી હરીભાઉ બાગડેએ દૂધ સાગર ડેરીની મુલાકાત લઈ સંઘના ચેરમેન શ્રી વિપુલ ચૌધરી સાથે દૂધ સાગર ડેરીના કામકાજ અને પ્રવૃત્તિ વિશે જાણકારી મેળવી હતી. તેઓએ પ્લાન્ટની તથા MIDFT કોલેજની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ ને માર્ગદશન આપ્યુ હતું.

## દૂધ સાગર ડેરીના પૂર્વ ઉપાધ્યક્ષની ચીર વિદાય



### સ્વ. પટેલ હરજીવનભાઈ દેવાભાઈ

પાટણ પાસેના રાજપુરના વતની અને દૂધસાગર ડેરીના પૂર્વ વાઈસ ચેરમેન હરજીવનભાઈ દેવાભાઈ પટેલનું તા.૧૨-૦૧-૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેઓ રાજપુર દૂધમંડળી તથા સેવા મંડળી ના સ્થાપક હતા, રામજી મંદિરના ટ્રસ્ટી તથા ગામમાં ૫ વર્ષ સુધી સરપંચ તરીકે સેવા આપેલ. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# ભારત સરકારના કૃષિ રાજ્યમંત્રી શ્રી મોહન કુંડારીયા દૂધમાનસાગર ડેરી,માનેસરની મુલાકાતે





દૂધમાનસાગર ડેરીની તા. ૦૩–૦૨–૨૦૧૬, મુલાકાતે પધારેલા ભારત સરકારના રાજય કક્ષાના કૃષિ મંત્રી શ્રી મોહનભાઈ કુંડારીયાનું દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલ ચૌધરીએ સાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. તેઓએ પ્લાન્ટની મુલાકાત લઈ દૂધમાનસાગર ડેરીના કામકાજ વિશે સંપૂર્ણ માહિતી મેળવી હતી. દિલ્હીના બજારમાં અમૂલ ફેડરેશનના દૂધના વેચાણમાં ૨૮ ટકાનો વધારો થયો છે જયારે દૂધસાગર ડેરીના દૂધના વેચાણમાં ઘટાડો કરવામાં આવ્યો છે જે દુ:ખદ છે. શ્રી મોહન કુંડારીયાએ દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલ ચૌધરીને આશ્વાસન આપ્યું હતું કે તેઓ દૂધસાગર ડેરીની દિલ્હી નજીકની બંનને ડેરીઓ દૂધમાનસાગર ડેરી અને દૂધ મોતીસાગર ડેરીની ક્ષમતાનો પુરેપુરો ઉપયોગ થાય અને ખાનગી ડેરીઓમાં દૂધનું પેકિંગ બંધ થાય એ અંગે અમૂલ ફેડરેશનના એમ.ડી ને સૂચના આપશે.

# અમૂલ ફેડરેશનના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલ દૂધમાનસાગર ડેરી, માનેસરની મુલાકાતે



દૂધમાનસાગર ડેરી, માનેસરની તા.૧૯/૨/૨૦૧૬ના રોજ મુલાકાતે પધારેલા (ડાબી બાજૂથી) શ્રી સોમભાઈ રાયકા, ધાનેરાના ધારાસભ્ય શ્રી જોઈતાભાઈ પટેલ, સાબર ડેરી અને અમૂલ ફેડરેશનના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલ, વાવ ના ધારાસભ્ય શ્રી પરબતભાઈ પટેલ સાથે દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલ ચૌધરી, ડે.જ .મેનેજર(વહીવટ) શ્રી જયંતીભાઈ પટેલ.

સાબરડેરી અને અમૂલ ફેડરેશનના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલે જણાવ્યું હતું કે દિલ્હી નજીક ઉતર ગુજરાતના ત્રણેય સંઘોની , અમૂલ ફેડરેશનની પોતાની ડેરીઓ હવે તૈયાર થઈ ગઈ છે. બનાસડેરીની ૫ લાખ દૈનિક ક્ષમતા ધરાવતી ફરીદાબાદની ડેરી, સાબરની દૈનિક ૫ લાખ દૂધ પ્રોસેસની ક્ષમતા ધરાવતી રોહતકની ડેરી અને દૂધસાગર ડેરીની ૧૦–૧૦ લાખની ક્ષમતા ધરાવતી દૂધમાનસાગરડેરી અને દૂધમોતીસાગર ડેરી માટે હવે **દિલ્હી બજારમાં દૂધના વેચાણ માટે ખાનગી ડેરીઓમાં થતું દૂધનું પેકિંગ બંધ કરી આ ડેરીઓ વચ્ચે વહેંચી લેવું જોઈએ જેથી કરીને બધી ડેરીઓની ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ થાય.**

Dudhsagar The Pride of India

**માલિક, મુદ્રક અને પ્રકાશક : મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**
વતી શ્રી પી.આર.પટેલ મેનેજિંગ ડિરેક્ટર (ઈ.ચા.), દૂધસાગર ડેરી, મહેસાણા. ફોન : ૦૨૭૬૨ - ૨૫૩૨૦૧-૫
મુદ્રક સ્થાન : જય પ્રિન્ટર્સ, મહેસાણા. ૯૪૨૬૧ ૭૪૭૯૫